# એક નજર ગુજરાતના બેકારો પર

હાર્દિક જી. મોદી

આજે વિશ્વ કારમી મંદીમાં સંપડાયેલો છે. તેમાં ભારતમાં પણ મંદી સખત સર્જાઈ રહી છે. ભારતમાં મંદીની સૌથી વધારે અસર આઈ.ટી., સિરામીક, ડાયમંડ, જેવા નિકાસી ઉદ્યોગ પર પડી છે. મંદીને કારણે વિદેશોમાં થયેલ માંગના ઘટાડાને કારણે ભારતીય નિકાસોમાં સતત ઘટાડો થતો જોવા મળે છે. જેના કારણે નિકાસી ઉદ્યોગની નફાકારકતા ઘટી છે. અને આ ઉદ્યોગમાં બેરોજગારીની સમસ્યા ઊભી થઈ છે. બેકારી એક આર્થિક સમસ્યા નહી પરંતુ સામાજીક સમસ્યા પણ છે. હીરા ઉદ્યોગમાં આવેલી મંદીથી સુરત અને અમદાવાદ જેવા શહેરોમાં પણ બેકારી સર્જાઈ છે. અશિક્ષિત બેકારી તો વધી જ છે. પરંતુ તેની સાથે શિક્ષિત બેકારી પણ ભયાનક બની છે. ઉચ્ચ શિક્ષણ મેળવનાર અને મેળવેલા લોકોમાં એક પ્રકારની હતાશા ઉદભવે છે. આપણે એક નજર ગુજરાતના બેકારો તરફ કરીએ તો રોજગાર અને તાલીમ નિયામકની કચેરીએ જાહેર કરેલા આકડાંમાં ૮.૧૫ લાખ શિક્ષિત અને ૬૪ હજાર અશિક્ષિત બેકારો રોજગારી માટે રખડે છે. ગુજરાત સરકારના રોજગાર અને તાલીમ નિયામકની કચેરીએ આપેલા આંકડા મુજબ ૧૯૯૦ માં કુલ શિક્ષિત બેકારો ૫.૯૩ લાખ અને અશિક્ષિત બેકારો ૩.૬૩ લાખ મળીને કુલ ૯.૫૬ લાખ બેકારો હતા. પછી ૧૯૯૫ માં તેમાં થોડો ઘટાડો થતા બેકારોની સંખ્યા ૯.૧૨ લાખ થઈ ૨૦૦૦ના વર્ષમાં બેકારો વધી ગયા અને સંખ્યા ૧૦.૬૭ લાખે પહોચી હતી. ૨૦૦૫ માં ૮.૫૫ લાખ બેકારો ૨૦૦૮માં ૮.૩૧ લાખ બેકારો, ૨૦૦૯માં ૯.૦૫ લાખ બેકારો અને ૨૦૧૦ માં ૮.૯૭ લાખ બેકારો નોંધાયા છે.

૨૦૧૨ માં વિવિધ કેટેગરીમાં નોંધાયેલા બેકારોના આંકડા

| શૈક્ષણિક સ્તર | સંખ્યા |
|---|---|
| એસ.એસ.સી. | ૨,૧૬,૬૪૩ |
| ઈન્ટર | ૨,૭૩,૨૧૯ |
| ડીપ્લોમાં | ૩૧,૦૭૧ |
| આર્ટસ સ્નાતક | ૯૮,૨૭૫ |
| સાયન્સ સ્નાતક | ૨૦,૭૬૬ |
| કોમર્સ સ્નાતક | ૪૩,૧૨૨ |
| અન્ય સ્નાતક | ૭૧.૨૬૨ |
| સિવિલ ઈજનેરી | ૧,૦૪૪ |
| મિકેનિકલ ઈજનેરી | ૨,૩૧૮ |
| અન્ય ઈજનેરી | ૪,૯૮૪ |
| આર્ટસ અનુસ્નાતક | ૧૭,૬૧૬ |
| સાયન્સ અનુસ્નાતક | ૭,૩૪૬ |
| કોમર્સ અનુસ્નાતક | ૭,૧૩૩ |

| શૈક્ષણિક સ્તર | સંખ્યા |
|---|---|
| અન્ય અનુસ્નાતક | ૧૭,૭૪૩ |
| કુલ શિક્ષિત બેકારો | ૮,૧૫,૦૬૮ |
| કુલ અશિક્ષિત બેકારો | ૬૪,૧૩૩ |
| કુલ બેકારો | ૮,૭૯,૨૦૧ |

વર્ષ ૨૦૧૧માં ૮.૩૨ લાખ શિક્ષિત બેકારો અને ૭૨,૮૦૦ અશિક્ષિત બેકારો નોંધાયેલા છે. જયારે વર્ષ ૨૦૧૨ માં ઓકટો માસ સુધીમાં ૮,૧૫,૦૬૮ શિક્ષિત બોરો અને ૬૪,૧૩૩ અશિક્ષિત બેકારો મળીને કુલ ૮.૭૯,૨૦૧ બેકારો નોંધાયેલા છે. જેમાં ૨,૧૬ લાખ એસ.એસ.સી. પાસ ૨.૭૩ લાખ ઈન્ટર પાસ ૩૧ હજાર ડિપ્લોમાં, ૨.૩૩ લાખ સ્નાતકો, ૧૦૮૨૬ ઈજનેરી કરેલાઓ, ૪૯,૮૩૯ અનુસ્નાતકો નો સમાવેજ થાય છે.

આશ્ચર્યની વાત એ છે કે ગુજરાતમાં વાણિજય શાખાના ૭૧૩૩ અનુસ્નાતકો બેકારો છે. જયારે વિજ્ઞાન શાખાના ૭૩૪૬ અનુસ્નાતકો બેકારો છે. આ ઉપરાંત આટર્સના ૧૭,૬૧૬ અનુસ્નાતકો રોજગારી માટે ભટકી રહયા છે. એન્જીનીયરીંગમાં સિવિલ કરેલ ૧૦૪૪, મિકેનિકલ કરેલા ૨૩૧૮ અને ઈલેકટ્રીકલ કરેલ ૨૪૮૦ યુવાનો હજુ રોજગારી મેળવી શકયા નથી.

જયારે મહિલાઓમાં રોજગારીનું પ્રમાણ ૪.૫ % ઘટયું છે. ગુજરાતમાં ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે કુલ કામદારોની સંખ્યા વધી છે. જયારે તમામ પ્રકારના રોજગાર કામોમાં સ્ત્રીઓની ભાગીદારી ઘટી છે. વસ્તી ગણતરી તંત્રએ જાહેર કરેલા આંકડા પ્રમાણે ૨૦૧૧ માં રાજયમાં કુલ ૬,૦૪,૩૯,૬૯૨ લોકોની વસ્તીમાં ૪૧.૦ % લોકો એટલે કે ૨,૪૭,૬૭,૭૪૭ લોકો કામદારો છે. જેમાં ૪૪.૯% કામદારો ગ્રામીણ ક્ષેત્રે અને ૩૫.૭% કામદારો શહેરી વિસ્તારોમાં છે. આ કુલ કામદારો ૫૭.૨% કામદારો પુરૂષો અને ૨૩.૪% કામદારો સ્ત્રીઓ છે. ગુજરાતમાં ૨૦૧૧ માં તમામ રોજગાર કામોમાં કામની ભાગીદારીનો દર ૪૧.૦% છે. જો ૨૦૦૧ માં ૪૧.૯ % હતો. પુરુષોની કામમાં ૨૦૦૧ માં ૫૪.૯% હતી તે ૨૦૧૧ માં વધીને ૫૭.૨% થઈ છે, જયારે કામમાં સ્ત્રીઓની ભાગીદારી ૨૦૦૧ માં ૨૭.૯% હતી તે ઘટીને ૨૩.૪ % થઈ છે.

રોજગારીની દષ્ટિએ ખેડૂતોની સ્થિતિએ જોઈએ તો વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીએ રાજયમાં કુલ ખેડૂતોની સંખ્યા ૫૪,૪૭,૫૦૦ છે. જેમાંના ૫૨,૫૧,૪૫૭ ખેડૂતો ગ્રામીણ વિસ્તારમાં અને ૧,૯૬,૦૪૩ ખેડૂતો શહેરી વિસ્તારમાં છે. વર્ષ ૨૦૧૧ માં રાજયમાં કુલ કામદારોમાં ખેડૂતોનું પ્રમાણ ૨૨% જેટલું છે. જે ૨૦૦૧ માં ૨૭.૩ % જેટલુ હતું. આમ, ૧૦ વર્ષમાં રાજયમાં ૫.૩ % એટલે કે, ૩.૫૫ લાખ ખેડૂતો ઘટી ગયા છે. જે ખૂબ ઊંચું પ્રમાણ છે.

બીજી તરફ રાજયમાં ખેતીકામમાં જોડાયેલા શ્રમજીવીઓનું પ્રમાણ વધ્યું છે. છેલ્લા ૧૦ વર્ષમાં ૨૦૦૧ થી ૨૦૧૧ દરમિયાન ખેત કામદારોની સંખ્યા ૧૬.૭૮ લાખ જેટલી વધીને ૨૦૧૧માં ખેતકામદારોની કુલ સંખ્યા ૬૮,૩૯, ૪૧૫ થઈ છે. વર્ષ ૨૦૧૧માં રાજયમાં કુલ કામદારોમાં ખેતકામદારોનું પ્રમાણ ૨૪.૩ % હતું તે ૨૦૧૧ માં વધીને ૨૭.૬ % લાખ જેટલી ઘટી છે. ટકાવારીમાં આ પ્રમાણ ૫.૩ % જેટલું છે. રાજયમાં છેલ્લા ૧૦ વર્ષમાં એટલે કે ૨૦૦૧ થી ૨૦૧૧ દરમિયાન ખેતીની જમીનો ઉદ્યોગોને વેચાઈ જતા આ સ્થિતી

સર્જાઈ હોવાનું તારણ નીકળે છે. આમ, ૧૦ વર્ષમાં ખેતકામદારો ૩.૩ % વધ્યા છે. રાજયમાં છેલ્લા ૧૦ વર્ષ દરમિયાન ખેતીની જમીન વેચ્યા પછી લોકો ખેતીકામમાં રોજી મેળવવાનું પસંદ કર્યુ હોય અને એને કારણે ખેતકામદારોની સંખ્યા વધી હોય એવુ બને, અથવા તો ઉદ્યોગક્ષેત્રે રોજગારી ઘટવાથી શ્રમજીવીઓ ખેતીકામ તરફ વળ્યા હોય તેવું પણ માનવાને કારણ છે. વર્ષોથી સંપૂર્ણ સાક્ષરતા માટે જાણીતુ કેરળ પણ બેકારીના મુદે આગળ જ છે. કેરળમાં બેરોજગારીનો દર ૧૦ % છે. પશ્ચિમ બંગાળમાં એ ૪.૫ % અને આસામમાં ૪.૩ ટકા છે. નાના રાજયોમાં ત્રિપુરાનો બેરોજગારી દર ૧૫ % છે. સર્વેક્ષણમાં મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગાર (મનરેગા) જેવી સરકારી યોજનામાં અપાતા અને બહાર બજારમાં મળતા રોજની પણ વાત કરવામાં આવી છે. સરકારી યોજનામાં કામ કરતા પુરુષોને ₹ ૧૧૨.૪૬ મળે છે. જયારે સરકારી યોજના સિવાયના સરકારી કામમાં કામદારને રોજ પેટે ₹૧૨૭.૩૯ મળે છે. પરંતુ જો કામ ખાનગી બિન સરકારી હોય તો તેમાં મળતો રોજનો દર ₹ ૧૪૯.૩૨ હોવાનું નોધાયું છે. પુરુષો કરતાં મહિલાઓને ઓછો રોજ મળે છે. 'મનરેગા' જેવી યોજના વિશે એવું કહેવાતું હતું કે તેના થકી ગ્રામ્ય વિસ્તારોમાં રોજનું ધોરણ ગોઠવાયું છે. પરંતુ સર્વેક્ષણમાં મળેલી વિગતો પરથી એ સાચું લાગતું નથી.

## સંદર્ભ સુચિ

૧. www.vibrate.guj.co.in
૨. વસ્તી ગણતરીના આંકડામાંથી
૩. ગુજરાત સમાચારના લેખમાંથી – ૨૪ જુન–૨૦૧૩